એ-૨ શાખા, પોલીસ કમિશ્નર કચેરી
અમદાવાદ શહેર.
ઈ-મેલ:hclerk-a2br-ahd@gujarat.gov.in,
ફોન નં.(૦૭૯) ૨૫૬૨૬૨૪૫

ક્રમાંક:એ-૨/મહક-૧/ઝોન-ડીવીઝન/૪૩૮/૨૦૨૬ તા.૧૮/૦૫/૨૦૨૬

વંચાણે લીધા: (૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૨/૦૪/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક:HD/MHK/e-file/8/2025/6676/C

(૨) પો.મહા. અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગર કચેરીના પત્ર ક્રમાંક:ઈ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૬-૨૭/૮૨૨/૨૦૨૬, તા.૨૯/૦૪/૨૦૨૬

(૩) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૬/૦૪/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક:HD/MHK/e-file/8/2025/7061/C

(૪) પો.મહા. અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગર કચેરીના પત્ર ક્રમાંક:ઈ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૬-૨૭/૮૩૮/૨૦૨૬, તા.૩૦/૦૪/૨૦૨૬

(૫) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના નોટીફિકેશન નં:GG/38/PST/102003/418/C, Dt.07/04/2026

કાર્યાલય આદેશ:-

ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આમુખ-(૧) ના ઠરાવથી અમદાવાદ શહેર ખાતે નવો ઝોન-૮ મંજુર કરવા માટે વિવિધ સંવર્ગની કુલ-૧૦ જગ્યાઓ ઉભી કરવા અંગેની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આમુખ-(૨)ના હુકમથી આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે.

ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આમુખ-(૩) ના ઠરાવથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હેઠળના ઝોન-૨ હસ્તક નવું "પી" ડીવીઝન અને નવા ઝોન-૮ હસ્તકના નવા "આર" તથા "એસ" ડીવીઝન મંજુર કરવા માટે વિવિધ સંવર્ગની કુલ-૪૨ જગ્યાઓ ઉભી કરવા અંગેની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આમુખ-(૪)ના હુકમથી આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે.

૨/- અમદાવાદ શહેરના નવા ઝોન-૮ માટે આમુખ-(૧)ના હુકમથી નીચે મુજબ સંવર્ગવાર મહેકમ મંજુર કરવામાં આવેલ છે.

અ.નં.	મંજુર થયેલ મહેકમની સંખ્યા						
	DCP	UPSI	UHC	UPC	APC	PEON	Total
૧	1	1	2	4	1	1	10

3/- ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આમુખ-(૩)ના હુકમથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હેઠળના ઝોન-૨ હસ્તક નવું "પી" ડીવીઝન અને નવા ઝોન-૮ હસ્તકના નવા "આર" તથા "એસ" ડીવીઝન માટે મંજુર કરવામાં આવેલ વિવિધ સંવર્ગની કુલ-૪૨ જગ્યાઓની ફાળવણી આમુખ-(૪)ના હુકમથી કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

અમદાવાદ શહેરના ઝોન-૨ હસ્તકના નવા "પી" ડીવીઝન તથા નવા ઝોન-૮ હસ્તકના નવા "આર" તથા "એસ" ડીવીઝન માટે વિવિધ સંવર્ગની મંજુર થયેલ કુલ-૪૨ નવી જગ્યાઓની ફાળવણીની વિગત દર્શાવતું પત્રક

અ.નં.	ડીવીઝન	મંજુર મહેકમ							
		UACP	UPSI	UASI	AASI	UHC	AHC	UPC	Total
૧	ઝોન-૨ હસ્તકના નવા "પી" ડીવીઝન	1	1	2	1	3	2	4	14

૨	ઝોન-૮ હસ્તકના નવા "આર" ડીવીઝન	1	1	2	1	3	2	4	14
૩	ઝોન-૮ હસ્તકના નવા "એસ" ડીવીઝન	1	1	2	1	3	2	4	14
	કુલ	3	3	6	3	9	6	12	42

૪/- ઉપરોક્ત મંજુર થયેલ સંવર્ગવાર જગ્યાઓ ભરવા તથા નિમણુંક માટે અત્રેની કચેરીની સંબંધિત શાખાઓએ કાર્યવાહી કરવાની રહેશે.

૫/- વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણાં વિભાગના તારીખ ૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

૬/- ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આમુખ-(૫)ના હુકમથી ઝોન-૮ સહિત સમગ્ર અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે હકુમત વિસ્તારમાં ફેરફાર અંગેની વિગતોનું જાહેરનામું આ સાથે સામેલ છે.

(૧) અમદાવાદ શહેર ખાતે નવા મંજુર થયેલ ઝોન-૮ની કચેરી હંગામી ધોરણે રામોલ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર ખાતે તા.૧૯/૦૫/૨૦૨૬ના રોજ કલાક ૦૦:૦૦ થી અમલમાં આવે તે રીતે કાર્યરત કરવામાં આવે છે.

(૨) અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હેઠળના ઝોન-૨ હસ્તક નવું મંજુર થયેલ "પી" ડીવીઝન હંગામી ધોરણે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે તથા નવા ઝોન-૮ હસ્તકના નવું મંજુર થયેલ "આર" ડીવીઝન હંગામી ધોરણે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે તેમજ નવું મંજુર થયેલ "એસ" ડીવીઝન હંગામી ધોરણે જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન ખાતે તા.૧૯/૦૫/૨૦૨૬ના રોજ કલાક ૦૦:૦૦ થી અમલમાં આવે તે રીતે કાર્યરત કરવામાં આવે છે.

(૩) અમદાવાદ શહેરમાં આવેલ ઝોન તથા ડીવીઝનના નિયંત્રણ હેઠળ હાલમાં જે પોલીસ સ્ટેશનો કાર્યરત છે તેમાં આમુખ-(૫)ના જાહેરનામાથી સુચિત ફેરફાર કરેલ છે. જે અનુસંધાને હવેથી નીચે જણાવેલ કોષ્ટકના કોલમ નં.(૪)માં દર્શાવેલ પોલીસ સ્ટેશનોનું સુપરવિઝન તથા નિયંત્રણ તેના સામે દર્શાવેલ ઝોન તથા ડીવીઝન હસ્તક રહેશે.

ઝોન	**ડિવિઝન**	**હાલના પોલીસ સ્ટેશન**	**જાહેરનામામાં થયેલ ફેરફાર મુજબ હવે પછીના પોલીસ સ્ટેશન**
(૧)	**(૨)**	**(૩)**	**(૪)**
ઝોન-૨	એલ – ડિવિઝન	માધવપુરા પો.સ્ટે.	માધવપુરા પો.સ્ટે.
		સાબરમતી પો.સ્ટે.	સાબરમતી પો.સ્ટે.
		રાણીપ પો.સ્ટે.	રાણીપ પો.સ્ટે.
		ચાંદખેડા પો.સ્ટે.	-
		સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ પો.સ્ટે.	-
	નવું મંજુર થયેલ પી– ડિવિઝન	-	ચાંદખેડા પો.સ્ટે.
		-	સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ પો.સ્ટે.
		-	નવું મંજુર થયેલ મોટેરા પો.સ્ટે.

ઝોન-૪	એફ – ડિવિઝન	દરિયાપુર પો.સ્ટે.	દરિયાપુર પો.સ્ટે.
		શાહીબાગ પો.સ્ટે.	શાહીબાગ પો.સ્ટે.
		–	એરપોર્ટ પો.સ્ટે.
		–	મેઘાણીનગર પો.સ્ટે.
	જી – ડિવિઝન	સરદારનગર પો.સ્ટે.	સરદારનગર પો.સ્ટે.
		નરોડા પો.સ્ટે.	નરોડા પો.સ્ટે.
		મેઘાણીનગર પો.સ્ટે.	નવું મંજુર થયેલ હંસપુરા પો.સ્ટે.
		કૃષ્ણનગર પો.સ્ટે.	–
		એરપોર્ટ પો.સ્ટે.	–
ઝોન-૫	એચ – ડિવિઝન	બાપુનગર પો.સ્ટે.	બાપુનગર પો.સ્ટે.
		રખિયાલ પો.સ્ટે.	રખિયાલ પો.સ્ટે.
		ગોમતીપુર પો.સ્ટે.	કૃષ્ણનગર પો.સ્ટે.
	આઇ – ડિવિઝન	ખોખરા પો.સ્ટે.	ખોખરા પો.સ્ટે.
		અમરાઇવાડી પો.સ્ટે.	અમરાઇવાડી પો.સ્ટે.
		ઓઢવ પો.સ્ટે.	ગોમતીપુર પો.સ્ટે.
		નિકોલ પો.સ્ટે.	–
		રામોલ પો.સ્ટે.	–
ઝોન-૬	જે – ડિવિઝન	મણિનગર પો.સ્ટે.	મણિનગર પો.સ્ટે.
		ઇસનપુર પો.સ્ટે.	ઇસનપુર પો.સ્ટે.
		વટવા પો.સ્ટે.	કાગડાપીઠ પો.સ્ટે.
		જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે.	–
	કે – ડિવિઝન	દાણીલીમડા પો.સ્ટે.	દાણીલીમડા પો.સ્ટે.
		નારોલ પો.સ્ટે.	નારોલ પો.સ્ટે.
		કાગડાપીઠ પો.સ્ટે.	–
નવો મંજુર થયેલ ઝોન-૮	નવું મંજુર થયેલ આર – ડિવિઝન	–	ઓઢવ પો.સ્ટે.
		–	નિકોલ પો.સ્ટે.
		–	નવું મંજુર થયેલ વસ્ત્રાલ પો.સ્ટે.
	નવું મંજુર થયેલ એસ – ડિવિઝન	–	વટવા પો.સ્ટે.
		–	જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે.
		–	રામોલ પો.સ્ટે.

(૪) નવા મંજુર થયેલ "પી" ડીવીઝનના હસ્તકનું નવું મંજુર થયેલ મોટેરા પોલીસ સ્ટેશન હાલ વહીવટી કારણોસર કાર્યરત કરી શકાય તેમ ન હોવાથી આમુખ-(૫)ના જાહેરનામામાં દર્શાવેલ નવા મંજુર થયેલ મોટેરા પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર હાલ પુરતો ચાંદખેડા પો.સ્ટે.ના જુના હદવિસ્તાર મુજબ રહેશે.

(૫) નવા મંજુર થયેલ "આર" ડીવીઝનના હસ્તકનું નવું મંજુર થયેલ વસ્ત્રાલ પોલીસ સ્ટેશન હાલ વહીવટી કારણોસર કાર્યરત કરી શકાય તેમ ન હોવાથી આમુખ-(૫)ના જાહેરનામામાં દર્શાવેલ નવા મંજુર થયેલ વસ્ત્રાલ પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર હાલ પુરતો ઓઢવ પો.સ્ટે. તથા રામોલ પો.સ્ટે.ના જુના હદવિસ્તાર મુજબ રહેશે.

(૬) "જી" ડીવીઝનના હસ્તકનું નવું મંજુર થયેલ હંસપુરા પોલીસ સ્ટેશન હાલ વહીવટી કારણોસર કાર્યરત કરી શકાય તેમ ન હોવાથી આમુખ-(૫)ના જાહેરનામામાં દર્શાવેલ નવા મંજુર થયેલ હંસપુરા પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર હાલ પુરતો નરોડા પો.સ્ટે., કૃષ્ણનગર પો.સ્ટે. તથા નિકોલ પો.સ્ટે.ના જુના હદવિસ્તાર મુજબ રહેશે.

(૭) નવા મંજુર થયેલ ઝોન-૮ તથા "પી", "આર" અને "એસ" ડીવીઝનમાં ગુજરાત પોલીસ મેન્યુઅલ તથા રાજ્ય અને રાષ્ટ્રના પ્રવર્તમાન કાયદાઓ અને નિયમોની જોગવાઇ મુજબ તમામ પ્રકારનું (રેકર્ડ) દફતર યુનિટ કાર્યરત કર્યા તારીખથી નિભાવવાનું રહેશે.

(૮) અત્રેની કચેરીની ડી-૨ તથા ડી-૩ શાખાએ નવા ઝોન-૮, "પી" ડીવીઝન, "આર'' ડીવીઝન તથા "એસ" ડીવીઝનના મંજુર થયેલ મહેકમ મુજબ પગાર ભથ્થાની ચુકવણી કરવાની રહેશે તેમજ આ અંગેની ગ્રાન્ટની માંગણી કરવાની રહેશે.

(૯) નવા મંજુર થયેલ ઝોન-૮, "પી" ડીવીઝન, "આર'' ડીવીઝન તથા "એસ" ડીવીઝન કાર્યરત કરવા માટે સ્ટેશનરી તાત્કાલિક અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખા માંથી મેળવી લેવાની રહેશે તેમજ ઝોન તથા ડીવીઝન ખાતે કાયદાકીય પ્રોસીજરમાં જરૂરિયાત મુજબના રજીસ્ટરો તથા હિસાબી/વહીવટીને લગતા રજીસ્ટરો નિભાવવાના રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ "માંગણી નંબર-૪૩ - મુખ્ય સદર:૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર:૦૦ ગૌણ સદર:૧૦૯ - જિલ્લા પોલીસ પેટા સદર:૦૧- MEP-6 જિલ્લા પોલીસ ખુદ," હેઠળ ઉધારવાનો રહેશે.

<u>બિડાણ:</u> સંદર્ભ-(૧) થી (૫)ની નકલ.

(જી.એસ.મલિક) 18/5
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

પ્રતિ,
(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ટ્રાફીક શાખા, ક્રાઇમ શાખા, અમદાવાદ શહેર
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, વહીવટ, સેક્ટર-૨, વિશેષ શાખા, અમદાવાદ શહેર
(૩) ના.પો.કમિ.શ્રી, ઝોન ૧ થી ૮, અમદાવાદ શહેર

૨/- આમુખ-(૫) થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામા અંતર્ગત નવા મંજુર થયેલ ઝોન-૮, "પી" ડીવીઝન, "આર" ડીવીઝન તથા "એસ" ડીવીઝનનો હકુમત વિસ્તાર ઉપર જણાવ્યા મુજબનો રહેશે.

નકલ રવાના:
(૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨) પોલીસ ઇન્સપેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન/શાખા, અમદાવાદ શહેર
(૩) નાયબ વહિવટી અધિકારીશ્રી, અત્રેની કચેરી
(૪) તમામ કચેરી અધિક્ષકશ્રી, (મુખ્ય મથક સહિત)
(૫) મુખ્ય ક્લાર્કશ્રી, તમામ શાખા (અત્રેની કચેરી)
(૬) પો.વા.ઇન્સ.શ્રી, વાયરલેસ વિભાગ/કોમ્પ્યુટર શાખા, અમદાવાદ શહેર
(૭) મ.પો.કમિ.શ્રી, એમ.ટી. વિભાગ, અમદાવાદ શહેર.
૨/- જરૂરી સરકારી વાહનો ફાળવવાની કામગીરી કરવાની રહેશે.
(૮) પો.ઇન્સ.શ્રી, કંટ્રોલરૂમ, અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :-
- અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

- મુખ્ય પોલીસ અધિકારી અને નિયાકમશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુ.રા., અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર
- તમામ પોલીસ અધિક્ષકશ્રી
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ
- નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર
- કલેક્ટરશ્રી, અમદાવાદ શહેર.
- નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સંયુક્ત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ
- રજીસ્ટારશ્રી સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
- રજીસ્ટ્રારશ્રી, સેસન્સ કોર્ટ, અમદાવાદ ગ્રામ્ય, મીરઝાપુર, અમદાવાદ
- ચીફ મેટ્રોપોલીટન, મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
- મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ રેન્જ/ગાંધીનગર રેન્જ.
- નાયબ પોલીસ કમિશનરશ્રી,(ઇન્ટે.), અમદાવાદ શહેર
- જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, રેલ્વે એસ.ઓ.જી., કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશનરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારુ)
- મદદનીશ પોલીસ કમિશનરશ્રી, સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર (પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારુ)